# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો
2. તમિલનાડુના મદુરાઈના મંદિરમાં દીપ પ્રગટાવવાના મુદ્દે ડીએમકેના સાંસદોના વિરોધને પગલે લોકસભાની કાર્યવાહી ખોરંભે
3. આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાનો કેન્દ્ર દ્વારા આપવામાં આવતા આરોગ્ય ભંડોળનો ઉપયોગ ન કરવાનો રાજ્ય સરકારો પર આરોપ.
4. ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં સ્વદેશોત્સવનું ઉદ્ઘાટન કર્યું
5. દિલ્હી એરપોર્ટથી ઉપડતી ઈન્ડિગોની સ્થાનિક વિમાનસેવા આજે મધ્યરાત્રિ સુધી રદ
6. રિઝર્વ બેન્કે રેપોરેટમાં ઘટાડાની જાહેરાત કરતાં શેરબજારમાં ઉછાળો

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# RUSSIAN PREZ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

વાટાઘાટો બાદ વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રો સહિત અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

સાંજે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રશિયન રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે. રાષ્ટ્રપતિ પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતની રાજ્ય મુલાકાતે ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ-HANDICRAFTS AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 9 ડિસેમ્બરે નવી દિલ્હીમાં વર્ષ 2023 24 માટે હસ્તકલા પુરસ્કારો પ્રદાન કરશે. આ સમારોહમાં કાપડ મંત્રી ગિરિરાજ સિંહ અને રાજ્ય મંત્રી પવિત્રા માર્ગેરિતા પણ ઉપસ્થિત રહેશે.

આ પુરસ્કારો અપ્રતિમ કલાત્મક શ્રેષ્ઠતા અને દેશના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાના સંરક્ષણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતા હોવાનું  કાપડ મંત્રાલયે જણાવ્યું હતું.

દર વર્ષે 8 ડિસેમ્બરથી હસ્તકળાના કારીગરોને સમ્માન આપવા માટે રાષ્ટ્રીય હસ્તકલા સપ્તાહ ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS-ADJOURN

તમિલનાડુના મદુરાઈમાં એક મંદિરમાં દીપ પ્રગટાવવાના વિવાદને લઈને ડીએમકે સભ્યોના વિરોધને પગલે લોકસભા બપોરે 12:00 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે લોકસભા સવારે 11 વાગ્યે મળી ત્યારે વિપક્ષી પાર્ટીઓના સભ્યોએ વેલમાં ધસી જઇને  વિરોધ કર્યો.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે આ મામલો ન્યાયાલયમાં છે અને સરકારનો તેની સાથે કોઈ સંબંધ નથી. તેમણે

સભ્યોને તેમની બેઠક પર પાછા જવા અને ગૃહની કામગીરી ચાલવા દેવા વિનંતી કરી હતી. અપીલ છતાં, વિપક્ષી સભ્યોએ તેમનો વિરોધ ચાલુ રાખ્યો, જેના પગલે સ્પીકરે ગૃહને બપોરે 12:00 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. રાજ્યસભામાં પણ ડીએમકે અને અન્ય વિપક્ષી સભ્યોએ આ મામલે વોકઆઉટ કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JP NADDA-PARLIAMENT

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય માળખાગત સુવિધાઓ માટે આપવામાં આવતા ભંડોળનો ઉપયોગ ન કરવાનો આરોપ રાજ્ય સરકારો પર લગાવ્યો.

લોકસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા મંત્રીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે વિવિધ રાજ્ય સરકારોને આરોગ્ય માળખાગત સુવિધાઓ માટે 64 હજાર કરોડ રૂપિયા આપ્યા હોવા છતાં, તેમણે ફક્ત 30 હજાર કરોડ રૂપિયા જ ખર્ચ કર્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે 2017 માં કેન્દ્ર દ્વારા જીડીપીના 2.5 ટકા ખર્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવા છતાં, અત્યાર સુધીમાં જીડીપીના માત્ર 1.9 ટકા ખર્ચ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના યુનિર્સિટી ગ્રાઉન્ડ ખાતેથી સ્વદેશી જાગરણ મંચ દ્વારા આયોજીત સ્વદેશોત્સવનુ ઉદઘાટન કર્યું હતું. સ્વદેશી વસ્તુઓ ઉત્પાદકોને પ્રોત્સાહિત કરતાં આ ઉત્સવમાં સ્વદેશી ચીજવસ્તુઓ પ્રદર્શિત કરાઇ છે. તેઓ ત્યાંથી ગાંધીનગર તેમના અન્ય કાર્યક્રમમાં જવા રવાના થયા હતા.

અમિત શાહ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. શ્રી શાહ તેમની આ મુલાકાત દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, વાવ થરાદ અને બનાસકાંઠામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક મુખ્ય માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધા પરિયોજનાનું ઉદ્ઘાટન પણ કરશે

ત્યારબાદ આજે સાંજે તેઓ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RIJIJU-WAQF PROPERTIES

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું છે કે **UMEED** પોર્ટલ પર અત્યાર સુધીમાં એક લાખ **51** હજારથી વધુ વકફ મિલકતોની નોંધણી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વકફ કાયદો બનાવ્યા પછી, મંત્રાલયે **UMEED** પોર્ટલ શરૂ કર્યું હતું અને સંબંધિત પક્ષોને પોર્ટલ પર બધી વકફ મિલકતોની નોંધણી કરવા માટે છ મહિનાનો સમયગાળો આપવામાં આવ્યો હતો. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું, આજે છેલ્લો દિવસ છે, અને લાખો મિલકતોની નોંધણી હજુ સુધી થઈ નથી.

(બાઇટ- કિરણ રિજ્જુ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## INDIGO FLIGHTS- CANCELLED

દિલ્હી એરપોર્ટથી ઉપડતી ઈન્ડિગોની સ્થાનિક વિમાનસેવા આજે મધ્યરાત્રિ સુધી રદ કરવામાં આવી છે. દિલ્હી એરપોર્ટે જણાવ્યું હતું કે અન્ય તમામ સેવાઓની કામગીરી સમયપત્રક મુજબ ચાલુ રહેશે.

એરપોર્ટ સત્તાવાળાઓએ મુસાફરોને વિમાન મુસાફરી કરતાં પહેલા સત્તાવાર વેબસાઇટ newdelhiairport.in પર તપાસ કરવાની સલાહ આપી છે.

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ નાગરિક ઉડ્ડયન મંત્રી સાથે આ અંગે વાતચીત કરી હતી.

(બાઇટ- કિરણ રિજિજુ, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RBI-REPO RATE

ભારતીય રિઝર્વ બેંકે પોલિસી રેપો રેટમાં **25** બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને **5.25** ટકા કર્યો છે. **RBI** ગવર્નર સંજય મલ્હોત્રાએ ચાલુ

નાણાકીય વર્ષ માટે પાંચમી દ્વિમાસિક નાણાકીય નીતિમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી.

આ વિકાસથી હાઉસિંગ, ઓટો અને કોમર્શિયલ લોન સહિત વિવિધ લોન સસ્તી થવાની શક્યતા છે. **RBI** એ ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિનો અંદાજ ઝડપથી વધારીને 7.3 ટકા કર્યો છે, જે અગાઉના અંદાજ 6.8 ટકાથી વધુ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## STOCKS-1200

રિઝર્વ બેન્કે રેપો રેટમાં ઘટાડાની જાહેરાત કરતાં શેર બજારમાં ઉછાળો આવ્યો છે. સેન્સેક્સ ૩૧૧ પોઈન્ટ વધીને ૮૫ હજાર ૫૭૭ પર જ્યારે નિફ્ટી ૧૦૮ પોઈન્ટ વધીને ૨૬ હજાર ૧૪૨ પર પહોંચ્યો હતો. ક્ષેત્રીય મોરચે, આઇટી, રિયલ્ટી અને ફાઇનાન્શિયલ સર્વિસિસ સૌથી વધુ વધ્યા હતા, જ્યારે સર્વિસિસ, મીડિયા અને એફએમસીજીમાં વેચાણનું દબાણ જોવા મળ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# ED-ANIL AMBANI

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDએ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપની 1 હજાર 120 કરોડ રૂપિયાની અઢારથી વધુ મિલકતો, ફિક્સ્ડ ડિપોઝિટ, બેંક બેલેન્સ અને અનકાઉન્ટેડ રોકાણોમાં શેરહોલ્ડિંગને કામચલાઉ રીતે જપ્ત કર્યું છે.

આ અંગે ઇડીએ જણાવ્યું કે, રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપના બેંક છેતરપિંડીના કેસોના સંદર્ભમાં મની લોન્ડરિંગ નિવારણ કાયદા હેઠળ આ જપ્તી કરવામાં આવી છે. આ સાથે, અત્યાર સુધીમાં કુલ 10 હજાર 117 કરોડ રૂપિયાની જપ્તી થઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND-ACCIDENT

ઉત્તરાખંડમાં, ચંપાવત જિલ્લાના બાગ ધાર નજીક ગઈકાલે મોડી રાત્રે એક વાહન ઊંડી ખીણમાં પડી જતાં પાંચ મુસાફરોના મોત થયા છે અને પાંચ અન્ય ઘાયલ થયા છે.

ઘાયલોને લોહાઘાટની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાટી બ્લોકમાં લગ્ન સમારંભમાંથી મુસાફરો પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો.

પોલીસ, SDRF અને સ્થાનિક રહેવાસીઓએ મૃતદેહો બહાર કાઢવા અને ઘાયલોને સુરક્ષિત સ્થાન પર લાવવા માટે બચાવ કામગીરી હાથ ધરી છે. અકસ્માતના કારણની તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-OMAN

ભારત-ઓમાન વચ્ચે વ્યૂહાત્મક સલાહકાર જૂથની 14મી બેઠક યોજાઇ હતી. જેમાં રાજકીય, સંરક્ષણ, સુરક્ષા, વેપાર, રોકાણ, ઊર્જા, કૃષિ, શિક્ષણ, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના ક્ષેત્રોમાં ભારત અને ઓમાન વચ્ચે બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

ગઇકાલે ઓમાનના મસ્કતમાં યોજાયેલી આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયમાં કોન્સ્યુલર, પાસપોર્ટ અને વિઝા અને વિદેશી ભારતીય બાબતોના સચિવ અરુણ કુમાર ચેટર્જી અને ઓમાન સલ્તનતના વિદેશ મંત્રાલયમાં રાજકીય બાબતોના અંડરસેક્રેટરી શેખ ખલીફા અલ્હાર્થીએ કરી હતી.

આ વર્ષ ભારત અને ઓમાન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાનું ૭૦મુ વર્ષ છે. ઓમાનમાં લગભગ 6 લાખ 75 હજાર

જેટલા ભારતીય લોકો રહે છે. આ સમુદાય બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે જીવંત સેતુ તરીકે કામ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .